Monday
16.10.2023
✳Volume :8 ✳ Issue No.82

વિશ્વાસથી વિકાસ યાત્રા

✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com

✳Editor:Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

# માણસા તાલુકાના સમૌ ખાતે નવનિર્મિત શહીદ સ્મારક અને ગ્રંથાલયનું લોકાર્પણ કરતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ

## ભાવિ પેઢીને પ્રેરણા મળે તે હેતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શહીદ સ્મારકોનાં રૂપમાં ચેતના કેન્દ્રોનું દેશભરમાં નિર્માણ કર્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઇ શાહ

## ગુજરાત તેમજ દેશના સર્વે નાગરિકોને ભક્તિ, શક્તિ અને આરાધના ના પર્વ નવરાત્રીની શુભકામનાઓ પાઠવતા શ્રી અમિતભાઇ શાહ

## માણસા ખાતે માણસા સિવિલ હોસ્પિટલ, કોલેજ, માણસા તળાવ સહિતના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરતા શ્રી અમિતભાઇ શાહ





શહીદ સ્મારક રાષ્ટ્રચેતનાની જ્યોતને અવિરત પ્રજ્વલિત રાખનારી દીવાદાંડી સમાન - શ્રી અમિતભાઈ શાહ

## દેશનું ભવિષ્ય પુસ્તકાલયમાં ઘડાય છેઃ આપણી ભાષા અને સંસ્કૃતિને ઓળખવાનો અવસર પુસ્તકાલય આપે છે - શ્રી અમિતભાઇ શાહ









કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાંજણાવ્યા પ્રમાણે આજે ગાંધીનગરલોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર જિલ્લાના સમૌ ગામ ખાતે રૂપિયા બે કરોડનાં ખર્ચે નવનિર્મિત થયેલા શહીદ સ્મારક અને પુસ્તકાલય ભવનનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે નવનિર્મિત શહીદ સ્મારક રાષ્ટ્રભક્તિની જાગૃતિનુંપવિત્રસ્થાન બની રહેશે. તે પૂર્વે શ્રી શાહે તેમના વતન માણસાખાતેરાજ્યનાશિક્ષણ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં માણસા સિવિલ હોસ્પિટલ, કોલેજ, માણસા તળાવ સહિતના વિવિધ વિકાસ કાર્યો અંગેસમીક્ષા બેઠક પણ હાથ ધરીહતી.

આ બેઠકમાં માણસના વિધાયકશ્રીજે.એસ.પટેલ, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, સિવિલ હોસ્પિટલના જવાબદાર પદાધિકારીઓ તેમજ ગાંધીનગર જિલ્લા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રેઉલ્લેખનીય છે કેસમૌ ગામની ધરતી પર ઈસ ૧૮૫૭ની ક્રાંતિમાં સહભાગી થયેલા મગન ભુખણ અને દ્વારકાદાસ સહિતના બાર શહીદ વીરોને અંગ્રેજોએ ફાંસી આપી હતી.

આ શહીદોની સ્મૃતિને અકબંધ રાખતા ભવ્ય સ્મારકનું સમૌ ખાતે નિર્માણ કરાયું છે. આ શહીદ સ્મારકને રાષ્ટ્રચેતનાની જ્યોતને અવિરત પ્રજ્વલિત રાખનારી દીવાદાંડી સમાન ગણાવીશ્રી શાહે જણાવ્યું હતુંકે રાષ્ટ્ર પ્રત્યે કર્તવ્યપરાયણ બનવાની આ સ્મારક સતત પ્રેરણા આપશે. શ્રી શાહે ઉપસ્થિત સૌ નાગરિકોને નવરાત્રિના પાવન પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મારા ઘડતરમાં પુસ્તકોની વિશેષ ભૂમિકા રહી છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે દેશનું ભવિષ્ય પુસ્તકાલયમાં ઘડાય છે અને આપણીભાષા અને સંસ્કૃતિને ઓળખવાનો પુસ્તકાલય અનેરો અવસર આપે છે. પુસ્તકાલયમાં ભગવદ્ગોમંડળનાં ભાગજોઈને પ્રસન્નતાવ્યક્ત કરતા શ્રી શાહે જણાવ્યું હતું કે ભાષાની સમૃદ્ધિથી બાળકોઅને યુવાનો દૂર થઈ રહ્યા છે ત્યારે વાંચનથી જ્ઞાન સંપન્ન બનવાના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વાંચે ગુજરાત અભિયાન ઉપાડ્યું હતું અને રાજ્યનાપુસ્તકાલયોને અનેકવિધ પુસ્તકોથી સંપન્ન કર્યા હતા. તેમણે જણાવ્યુંહતું કેચંદ્રયાનની સફળતા હોય કે વિધાનસભા અને સંસદમાં મહિલાઓને ૩૩% અનામત આપવાનો સંકલ્પ હોય પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ દેશનો વિકાસ નવી ઊંચાઈ હાંસલ કરીરહ્યો છે.

તેમણેએમ પણ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી એ આઝાદીના અમૃત મહોત્સવ અવસરે વર્ષ ૧૮૫૭ થી વર્ષ ૧૯૪૭ સુધીના દેશના આઝાદીના જંગમાં સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોના અમૂલ્ય પ્રદાનથી ભાવિ પેઢીને પ્રેરણા મળે અને શહીદોના ઈતિહાસને પુનર્જીવિત કરીને શહીદ સ્મારકોનાં સ્વરૂપે ચેતના કેન્દ્રોનું દેશભરમાંનિર્માણ કર્યુંછે. શ્રી શાહે યુવાનોને અનુરોધ કરતા જણાવ્યું હતું કે સરકાર સુવિધાઓ ઊભી કરે છે પરંતુ તેની જાળવવાની ચિંતા યુવાનોએ કરવી પડે તેમણે શહીદ સ્મારક સંકુલની જાળવણી માટે યુવાનોને આગળ આવવા અપીલ પણ કરી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી, મહેસાણાના સાંસદ શ્રી શારદાબેન પટેલ, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પા પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી અમિત ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસઅધિકારી શ્રી સુરભિ ગૌતમ સહિત આમંત્રિત મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

